NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડૉ. એચ.આર.શર્મા
વિસ્તરણ શિક્ષણ નિયામક

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬
E-mail: dee@nau.in, Website : www.nau.in

## પરિપત્ર

આથી યુનિવર્સિટી હસ્તકના તમામ કોલેજ, સંશોધન અને વિસ્તરણ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે, દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ, આકાશવાણી કેન્દ્ર, વડોદરા તથા દ્વારા વિવિધ કૃષિ વિષયક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. આ માટે નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોપયોગી ખૂબ જ અગત્યના વિષયો જેવા કે ખેતીમાં નવીન સંશોધનો, ટેક્નોલોજી, ખેતીના આધુનિક અભિગમો, ઓર્ગેનિક/પ્રાકૃતિક ખેતી, એગ્રીકલ્ચર માર્કેટિંગ, કૃષિ ઉત્પાદનોનું મૂલ્યવર્ધન, પ્રોસેસિંગ તેમજ પાક પરિસ્થિતીને અનુરૂપ નવા વિષયોને આવરી લઈ માહે ઓક્ટોબર - ૨૦૨૫ થી માર્ચ - ૨૦૨૬ દરમ્યાન ઋતુ અને સમયને ધ્યાનમાં લઈ અગત્યના વિષયોની યાદી નીચે દર્શાવેલ પ્રફોર્મામાં તૈયાર કરવાની થાય છે. આ માહિતી MS WORD, SHRUTI FONT SIZE 10 માં તૈયાર કરીને અત્રેની કચેરીના email : vkdesai@nau.in, bakery@nau.in પર તા.૦૨/૦૯/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાની રહેશે. જે વિદિત થવા વિનંતી છે.

❖ **યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ દ્વારા ધ્યાનમાં રાખવાના ખૂબ જ અગત્યના મુદ્દાઓ:**

- ટી.વી. અને રેડિયો ટોક માટેની માહિતી જે તે કચેરીના વડા મારફત અત્રેની કચેરીએ મોકલવાની રહેશે.
- અગાઉ પ્રસારિત થયેલ વિષય અને વક્તાનું પુનરાવર્તન ન થાય એ બાબતની કાળજી લેવાની રહેશે.
- ટી.વી. અને રેડિયો પ્રસારણ માટેના વિષયોની પણ ખૂબ જ માંગ હોઈ, તેના ઉપર પણ વક્તાઓની માહિતી મોકલવા ભારપૂર્વક જણાવવામાં આવે છે. છેલ્લા ૩ વર્ષથી મળેલ માહિતીને ધ્યાને લેતાં યુનિવર્સિટી હસ્તકના વિવિધ વિભાગો/કોલેજો/સંશોધન એકમો/વિસ્તરણ એકમો એ ખાસ કાળજી અને રસ લઈ આ અંગે ઘટતું કરવા જણાવવામાં આવે છે.
  - આચાર્ય અને ડીન, આસ્પી એગ્રી બીઝનેસ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ, નવસારી તરફથી કૃષિ પેદાશોને સંલગ્ન બ્રાન્ડ, ટ્રેડમાર્ક, ઇ-માર્કેટ, GI ટેગ, બજારુ વ્યવસ્થા વિગેરે...
  - આચાર્ય અને ડીન, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી તરફથી વિવિધ વનીય પાકો, વનીય પેદાશો અને તેનું મહત્વ વિગેરે...
  - આચાર્ય અને ડીન, કૃષિ ઇજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, ન.કૃ.યુ., ડેડીયાપાડા તરફથી કૃષિ યાંત્રિકીકરણ, આધુનિક સાધનો તેની સારસંભાળ અને મહત્વ વિગેરે...

- આચાર્ય અને ડીન, કૃષિ કોલેજ, ન.કૃ.યુ., વઘઇ તરફથી આદિવાસી વિસ્તારને અનુરૂપ પાકો, આદિજાતિના વિકાસ સંલગ્ન વિવિધ કૌશલ્ય વર્ધિત તાલીમો અને અન્ય...
- આચાર્ય અને ડીન, અસ્પી શકીલમ એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇન્સ્ટીટ્યુટ, ના.કૃ.યુ., સુરત તરફથી કૃષિમાં બાયોટેક્નોલોજી સંલગ્ન સંશોધન અને તેનું મહત્વ વિગેરે...
- બેકરીશાળા, ન.કૃ.યુ., નવસારી તરફથી બેકરી પ્રોડક્ટસ અનુરૂપ તાલીમ વિગેરે...
- સંશોધન વૈજ્ઞાનિક (ફળ/ફૂલ) ન.કૃ.યુ., નવસારી તરફથી વિદેશી ફળ/ફૂલ ની ખેતી વિષેની જાણકારી, બજાર, મહત્વ અને અન્ય માહિતી...
- રેડિયો/ટીવી ટોક માટે પસંદગી થયેલ કૃષિ વિષય/વૈજ્ઞાનિકને ફાળવેલ કાર્યક્રમમાં અનિવાર્ય સંજોગોમાં જ ફેરબદલ કરવામાં આવશે.

**નોંધ: ઉપરોક્ત મુદ્દાઓનો મુખ્ય હેતુ ખેડૂતોપયોગી વિવિધ વિષયો ઉપર નવા વક્તા તૈયાર કરવા અને વિવિધ ક્ષેત્રોમાં યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાન અને ઉત્કૃષ્ટ સિધ્ધિઓની બહોળી પ્રસિધ્ધિ થાય એ આશયથી સૂચિત કરવામાં આવે છે.**

**પત્રક-૧**

માહે: ઓક્ટોબર-૨૦૨૫ થી માર્ચ-૨૦૨૬ સુધી દૂરદર્શનના ટી.વી. ટોક કાર્યક્રમ માટે અનુકૂળ સમય અને વિષયને અનુરૂપ વક્તાઓની વિગત

| અ.નં. | સમયને અનૂરૂપ અગત્યના સંભવિત વિષય | સંભવિત પ્રસારણોનો મહિનો | અધિકારીનું નામ, હોદ્દો અને કચેરીનું સરનામું | અધિકારીના મોબાઇલ નંબર/ ઇ-મેઇલ એડ્રેસ |
|---|---|---|---|---|
| ૧. | | | | |

**પત્રક-૨**

માહે: ઓક્ટોબર-૨૦૨૫ થી માર્ચ-૨૦૨૬ સુધી દૂરદર્શનના ફોન ઇન લાઇવ કાર્યક્રમ માટે અનુકૂળ સમય અને વિષયને અનુરૂપ વક્તાઓની વિગત (એક વક્તા ફરજિયાત છે.)

| અ.નં. | સમયને અનૂરૂપ અગત્યના સંભવિત વિષય | સંભવિત પ્રસારણોનો મહિનો | અધિકારીનું નામ, હોદ્દો અને કચેરીનું સરનામું | અધિકારીના મોબાઇલ નંબર/ ઇ-મેઇલ એડ્રેસ |
|---|---|---|---|---|
| ૧. | | | ૧...<br>૨... | |

## પત્રક-૩

માહે: ઓક્ટોબર-૨૦૨૫ થી માર્ચ-૨૦૨૬ સુધી આકાશવાણીના વાયુ વાર્તાલાપ (રેડિયો ટોક) કાર્યક્રમના સમયગાળા માટે વિષય અને વક્તા વિગત

| અ.નં. | સમયને અનૂરૂપ અગત્યના સંભવિત વિષય | સંભવિત પ્રસારણોનો મહિનો | અધિકારીનું નામ, હોદ્દો અને કચેરીનું સરનામું | અધિકારીના મોબાઈલ નંબર/ ઇ-મેઈલ એડ્રેસ |
|---|---|---|---|---|
| ૧. | | | ૧...<br>૨... | |

## પત્રક-૪

**પ્રગતિશીલ ઇનોવેટીવ ખેડૂતની વિગત**

| અ.નં. | સમયને અનુરૂપ અગત્યના સંભવિત વિષય | સંભવિત પ્રસારણનો મહિનો | અધિકારીનું નામ, હોદ્દો અને કચેરીનું સરનામું | પ્રગતિશીલ ઇનોવેટીવ ખેડૂતનું નામ,સરનામું અને મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧. | | | | |

પત્રક-૪ માં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઓછામાં ઓછી એક પ્રગતિશીલ ઇનોવેટીવ ખેડૂતની વિગત મોકલાવવી.

વધુમાં, ઉપરોક્ત પત્રકો મુજબ આવેલ જે તે પાકો અને સંલગ્ન કૃષિકાર્યો, તે મુજબના સમયગાળા, ખેડૂત સમુદાયની માંગ તેમજ રેડિયો / ટીવી ટોક ડીમાન્ડને ધ્યાનમાં રાખી કૃષિ વિષય-વૈજ્ઞાનિકના ના અત્રેથી પસંદગી કરી ઘટતી કાર્યવાહી કરવામાં આવશે જે વિદિત થાય.

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી.

જા.નં.નકૃયુ/વિશિનિ/ટી-૪/વેબ-10/૨૦૨૫

નવસારી. તા.૨૮/૦૮/૨૦૨૫